# સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓ દ્વારા મેડીસીન પૌધાઓનું વૃક્ષારોપણ

ચિલોડા, તા. ૩

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ દ્વારા મેડીસીન પૌધાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે નોવેલ કોરોના મહામારીમાં કેવી રીતે આયુર્વેદિક દવાના તરીકે ફાયદાકારી હોય છે એવા વિવિધ પ્રકાના છોડ જેવાકે તુલસી, ગિલોય, આંવલા, લીંબુ હળદર અને અન્ય મેડીસીન પ્લાન્ટની રોપણી ગામની શાળા, જાહેર જગ્યા અને પોતાના ઘરમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ કરી રહ્યા છે જયારે સાદરા પરિસરમાં પણ આવતા દિવસોમાં વિવિધ પ્રકારની વેલો, ફૂલ છોડ, આંબા, લીંબુ, આવલા, તુલસી, ચીકુડી અને ગુલાબના છોડની રોપણી કરવામાં આવશે પૂજ્ય મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ અને સેવકોને કઈ રીતે પર્યાવરણની સાથે રહી વૃક્ષરોપણની કામગીરી કરે છે તે દર વર્ષે આજુ બાજુની ગામની શાળાઓમાં નાના વિધાર્થીઓને પર્યાવરણની સમજ આપી વિપુલ માત્રામાં વૃક્ષારોપણની કામગીરી કરે છે ગયા વર્ષે શતાબ્દી વર્ષ નિમિતે ગૂજરાત વિધાપીઠના માનદ નિયામકશ્રી વિસ્તરણ વિભાગના ડૉ. રાજેન્દ્ર ભાઈ ખીમાણી સાહેબના નેતૃત્વ હેઠણ





વિવિધ શાળાઓમાં શતાબ્દી વન તરીકેનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એક શાળા એક વડનું વૃક્ષ લગાવો તેવો અભિયાન ચલાવવામાં આવ્યું હતું અને સાથે સાથે લીમડા અને ફૂલ છોડના રોપાઓ પણ લગાડવામાં આવ્યું હતું એવી રીતેજ આ વર્ષે પણ નોવેલ કોરોના મહામારીને ધ્યાનમાં રાખી મેડીસીન તરીકે વપરાતા વિવિધ પ્રકારના રોપાઓ રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ પોતાના ઘર આંગણે લગાવી રહ્યા છે પરિસરની સફાઈ અને જાણવણીમાં વિધાર્થીઓની સાથે સેવકોની હરહમેશ મુખ્ય ભૂમિકા હોય છે હાલના દિવસોમાં પણ વિધાર્થીઓ વગર અધ્યાપકો અને સેવકોએ નાના જૂથ બનાવી સરસ પર્યાવરણ લક્ષી પ્રવૃત્તિઓ કરે છે જેમાં નીમ્બુના બગીચાની સફાઈ અને ખામણા બનાવવા, પરિસરના મુખ્ય રસ્તાના બગીચાઓની સફાઈ અને સભાળ, પ્રાર્થના અને કન્યા છાત્રાલયની આજુ બાજુના ગાર્ડનની સફાઈ અને માવજત અને નીકળેલાં કચરાને સજીવ ખાતર બનાવવા માટે તેને યોગ્ય સ્થળે મુકવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે વિશેષમાં જણાવવાનું કે શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓના સહયોગથી પર્યાવરણ જાગૃત્તિના ક્ષેત્રે ખુબજ સારી પ્રવૃત્તિઓના લીધે આ ગૂજરાત વિધાપીઠના સાદરા પરિસરને વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકારની નોડલ એજેન્સી ગીર ફાઉન્ડેશને આ પરિસરને ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકે માન્યતા આપવામાં આવી છે અને તેનો સરસ એવો નામ ગાંધી સૃષ્ટિ પરિસર રાખવામાં આવ્યું છે આ પ્રવૃત્તિનું સંપૂર્ણ આયોજન અને સંચાલન ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને ડૉ. અરવિંદ ભાઈ રામી દ્વારા કરવામાં આવ્યું છે.

# એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન મહેંદી સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ધોરણ-૮ની વિદ્યાર્થીની બહેનો ઓનલાઈન શિક્ષણની સાથે સાથે સહ અભ્યાસી પ્રવૃત્તિમાં પણ રસ લે તેવા શુભ હેતુસર આગામી ગૌરીવ્રતના પ્રસંગને ધ્યાનમાં રાખીને ઓનલાઈન મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

જેમાં આશરે ૨૫ જેટલી વિદ્યાર્થીની બહેનો જોડાઈને લાઈવ પોતાના ઘરેથી મહેંદી મુકેલ અને તેનું નિરીક્ષણ શાળાના શિક્ષકમિત્રો તથા સુપરવાઈઝર ભગવતીબેન એસ પટેલ કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ સ્થાને પરમાર ધ્રુવી (૮-એ) તથા બીજા સ્થાને પટેલ ધ્રુવી (૮-સી) અને તૃતીય સ્થાને પ્રજાપતિ પ્રાર્થના (૮-સી) એ હતા. શાળાના આચાર્યા નિરુબેન જે પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનો તથા આયોજન શિક્ષણમિત્રોને ધન્યવાદ પાઠવ્યા હતા.

# ગરીબ બાળાઓની ગૌરીવ્રતની ભક્તિ સભર પૂજા



ગાંધીનગર, તા. ૩

'ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય...' કરતી દસ બાર ગરીબ ઘરની બાળાઓ હાથમાં થાળી લઈને ગૌરીવ્રતની પૂજા કરવા મહાદેવના મંદિરે સવાર સવારમાં નાહી ધોઈને તૈયાર થઈ ખુશ ખુશાલ રસ્તા પરથી પસાર થતી હતી. એમના ઉપવાસની થેલીમાં કાજુ બદામ દ્રાક્ષની જગ્યાએ ગોળ શિંગદાણા અને ટોપરું હતું. તેઓ ઝડપથી ચાલી મંદિર પહોંચી પોતપોતાની પૂજા કરવા લાગી. અમુક બહેનના ભાઈ આવેલા એ પાણીનો કળશ ભરી આપે અને જરૂરી મદદ કરે. આખો માહોલ પવિત્ર અને પાવન લાગે.

અષાઢ સુદ અગિયારસથી અષાઢ વદ અમાસ સુધી ગૌરીવ્રત કરવામાં આવે છે. આ બાળાઓને એ વિશે ક્યાં કશું ખબર હોય? આજુબાજુમાં રહેતી બાળાઓ અથવા એની બહેનપણીઓને વ્રત કરતી જોઈને તેઓ પણ વ્રત કરતી થઈ જાય છે. ગૌરીવ્રતનમાં પાંચ દિવસ સુધી જવેરા વાવી તેની પૂજા સાથે માતા ગૌરીની પૂજા કરે છે. પાંચ વર્ષનો સમયગાળો એ ભગવાનના આહ્વાન આપવાનો પ્રારંભ કહેવાય છે.

ગૌરી એટલે માતા પાર્વતી. પાર્વતીને તેમના પતિ શિવજી મળ્યા તેમ ગૌરીવ્રત કરીને ગૌરી આરાધના કરીએ તો એમને શિવજી જેવો પતિ પ્રાપ્ત થાય. હિંદુ સંસ્કૃતિ હિન્દુ પ્રતીકોની ઉપાસના કરવામાં વૃક્ષ પૂજન થાય છે અને જવેરા વાવો અને જળ સિંચન થાય. પાંચ દિવસમાં તેની પૂજા થાય જવેરા મોટા થાય તે જાણીને એના પર પ્રભુ પ્રસન્ન થઈ અને અમને આશીર્વાદ આપતા હોય છે. ગૌરીવ્રત દરમિયાન પાંચ દિવસ સુધી માત્ર મોળું ખાઈને પાર્વતી ઉપાસના થાય છે.

કોરોના કારણે અમુક પરિવારને મોંઘવારી નડી હશે તો ડ્રાય ફ્રુટ નહીં લાવ્યા હોય પણ આ તો ગરીબ ઘરની બાળાઓ તો કાયમ એનાં વગર જ વ્રત કરે છે. તેઓ પાસે કશું નથી પણ ઉત્સાહ અને આનંદ ભારોભાર છે. ભગવાન પર શ્રદ્ધા રાખી વ્રત પૂજા કરે છે. ભગવાન આ બાળાઓની પ્રાર્થના સાંભળે એવી આપણે પ્રાર્થના કરીએ.

# આઈ.બી.પી.એસ આર.આર.બી ની ભરતી વિષે માહિતી આપશો?




નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મે બી.કોમ પૂરું કરેલ છે. હાલ બહાર પડેલ આઈ.બી.પી.એ`સ આર.આર.બી ની ભરતી વિષે માહિતી આપશો.એની તૈયારી કેવી રીતે કરવી?**

**- નેહા હાલાની, ગાંધીનગર**

રીજઓનલ રૂરલ બેન્ક એટ્લે કે ગ્રામીણ બેન્ક ની. આ પરીક્ષામાં બે પ્રકારની પોસ્ટ હોય છે – એક અસિસ્ટેંટ (ક્લાર્ક) તરીકે અને બીજી ઓફિસર તરીકે. આ પરીક્ષાથી તમે અલગ-અલગ રાજ્યોમાં સ્થિત ગ્રામીણ બૅન્કોમાં નોકરી મેળવી શકો છો. આ પરીક્ષામાં બે થી ત્રણ તબક્કા હોય છે – પ્રિલિમ, મેઈન અને ઈન્ટરવ્યૂ/સ્કીલ ટેસ્ટ. સામાન્ય રીતે આ પરીક્ષામાં પણ ગણિત, અંગ્રેજી, તાર્કિક (રીજનિંગ), જનરલ નોલેજ પર પ્રશ્નો પૂછાતા હોય છે. ઓફિસર અને અસિસ્ટેંટ, બંને પરીક્ષાઓમાં પ્રિલિમ પરીક્ષામાં અંગ્રેજી પૂછાતું નથી પણ મેઈન પરીક્ષામાં પૂછાતું હોય છે. ઓફિસરની પોસ્ટ માટે પ્રિલિમ અને મેઈન પરીક્ષા પાસ કર્યા પછી ઈન્ટરવ્યૂ આપવો પડતો હોય છે.હવે તૈયારીની વાત કરીએ તો આ પરીક્ષા ના પ્રિલિમ પેપેરમાં બે વિષયો ઉપર ખાસ ધ્યાન રખવાનું



હોય છે અને એ છે રીઝનિંગ એટલેકે કે તાર્કિક ગણિત અને ગણિત .આ વિષયો ગણતરી ના વિષયો હોવાથી સૌથી મહત્વ ની બાબત બની રહે છે પ્રેક્ટિસ અને રિવિઝન .એ માટે આપ કોઈ એક વ્યવસ્થિત પ્રકાશન ની બૂક રિફર કરી શકો છો અને બની શકે એટલી વધુ પ્રેક્ટિસ કરી શકો છો. જો આપના માટે આ વિષયો નવા હોય અથવા ઓછા ફાવતા હોય તો આપ એના માટે આપના શહેરમાં અથવા ઓનલાઈન ક્લાસીસ સાથે જોડાઈ માર્ગદર્શન મેળવી શકો છો.પ્રિલિમ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ અન્ય વિષયો જેવા કે જનરલ અવેરનેસ અને અંગ્રેજી ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું હાલ એન્જીનિયરીંગ ના છેલ્લા વર્ષ માં અભ્યાસ કરું છું.મારે એરફોર્સ દ્વારા લેવામાં આવતી ઇ.કે.ટી ની પરીક્ષા વિષે માહિતી જોઈએ છે.**

**- ધારા પાટિલ, મોડાસા**

એરફોર્સ વિભાગ દ્વારા જે વિદ્યાર્થીઓ એરફોર્સમાં ટેકનિકલ ક્ષેત્રે કામ કરવા માંગે છે એ વિદ્યાર્થીઓ માટે ખાસ આ પરીક્ષા ઈ.કે.ટી એટ્લે કે એન્જીનિયરીંગ નોલેજ ટેસ્ટ નું આયોજન કરવામાં આવે છે.આ પરીક્ષા એરફોર્સ દ્વારા યોજવામાં આવતી



એ.એફ.સી.એ.ટી(એરફોર્સ કોમન એડમિશન ટેસ્ટ) સાથે એ જ દિવસે યોજવામાં આવે છે?એટલેકે ટેકનિકલ ક્ષેત્ર માં આગળ વધવા માંગતા વિદ્યાર્થીઓએ આ બંને પરીક્ષા ઉત્તીર્ણ કરવી જરૂરી છે. આ પરીક્ષા એન્જીનિયરીંગ પૂરું કરેલ અથવા છેલ્લા વર્ષ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આપી શકે છે.બે ભાગ માં આ પરીક્ષા લેવામાં આવતી હોય છે.પ્રથમ ભાગ માં બેઝિક એન્જીનિયરીંગ ના પ્રશ્નો જે પાયા સાથે જોડાયેલા છે એ પૂછવામાં આવતા હોય છે જેન ૪૦ માર્કસ જ્યારે બિજા ભાગ માં જે તે વિદ્યાર્થીઓએ જે એન્જીનિયરીંગ ના શાખા સાથે જોડાયેલ છે એ શાખા નું પ્રશ્નપત્ર આપવાનું રહે છે.જેમ કે મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કમ્પ્યુટર, એરોનોટિકલ વગેરે જેનો ગુણભાર ૩૫ માર્કસ નો રહેલો છે.સાચા જવાબ માટે ૩ જ્યારે ખોટા જવાબ માટે ૧ ગુણ માઈનસ થાય છે.આમ આ પરીક્ષા અને ત્યાર બાદ લેવામાં આવતી ફિઝિકલ પરીક્ષા ઉત્તીર્ણ કરી આપ એરફોર્સ માં ટેકનિકલ ક્ષેત્રે કાર્યરત થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મે આ વર્ષે જ ધોરણ ૧૨ સાયન્સ બી ગ્રૂપ સાથે પાસ કરેલ છે. હવે હું કયા ક્ષેત્રમાં આગળ વધી શકું? મારા માટે કયા વિકલ્પો રહેલ છે. માહિતી આપશો.**

**- કવન પટેલ, ગાંધીનગર**

જે વાચક મિત્રો ને ખ્યાલ નથી એમને જણાવી દઈએ કે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ ની પરીક્ષા સામાન્ય રીતે બે જુથોમાં પસાર કરાતી હોય છે. ફિઝિક્સ અને કેમેસ્ટ્રી બંનેમાં સામાન્ય હોય, પરંતુ 'એ' ગ્રુપમાં મુખ્ય વિષય ગણિત હોય જ્યારે 'બી' ગ્રુપમાં જીવ વિજ્ઞાન (બાયોલોજી) હોય છે.હવે આપના પ્રશ્ન ઉપર આવીએ તો બી ગ્રુપમાં સૌથી વધુ ડિમાંડ તબીબી ક્ષેત્ર (એમબીબીએસ)ના કોર્સની હોય છે. તેટલો જ મહત્વનો કોર્સ દાંતના ડોક્ટર (બીડીએસ) બનવાનો છે. તો અન્ય જાણીતા કોર્સ હોમિયોપેથી (બીએચએમએસ) અને આયુર્વેદિક ડોક્ટર (બીએએમએમ) અને નર્સિંગ માટે (બેચલર ઈન નર્સિંગ),ફિઝિયોથેરાપી, ફાર્મસી (બેચલર ઈન ફાર્મસી અને ડિપ્લોમા ઈન ફાર્મસી) આંખના ડોક્ટરના સહાયક બનવા માટે (બેચલર ઈન ઓપ્થેલમોલોજી), પશુ ચિકિત્સક બનવા માટે (વેટરિનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી), ડેરી ટૅકનૉલૉજિસ્ટ, બી.એસસી.(એગ્રિકલ્ચર), હોમ સાયન્સ, મત્સ્ય ઉછેરને લગતો કોર્સ (હોર્ટિકલ્ચર), જંગલ વિભાગ માટે (ફોરેસ્ટ્રી), માઈક્રો બાયોલોજી, બાયો ટેક્નોલોજી,



પ્રાણીશાસ્ત્ર (ઝૂઓલોજી), વનસ્પતિશાસ્ત્ર (બોટની)ના દરવાજા ખખડાવી શકાય છે.હવે આપના બીજા પ્રશ્ન ની વાત કરીએ તો એ સંપૂર્ણ આપના પર આધાર રાખે છે કે આપ ની રુચિ કયા ક્ષેત્ર માં આગળ વધવાની છે.ઉપયુક્ત ક્ષેત્ર માંથી કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો .આ દરેક ક્ષેત્ર ની ઉપયોગિતા આવનાર ભવિષ્ય માં વધવાની જ છે.આપ બસ સારી મહેનત કરીને સારા માર્કસ લાવી આપના મનપસંદ કોઈ પણ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

## શ્રી ઊમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા

# કોરોના વોરિયર્સના સંતાનો માટે ફ્રી શિક્ષણ વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૦૩

શ્રી ઊમિયા એજ્યુકેશન ટ્રસ્ટ શિક્ષણ, આરોગ્ય, યુવા-વિકાસ તથા માર્ગ સલામતીના ક્ષેત્રમાં કાર્યરત છે. કોરોના મહામારીના સમયમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ એટલે કે ડોકટર્સ, નર્સ, પોલીસ, સિવિલ હોસ્પિટલમાં કાર્યરતના સંતાનો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ટ્યુશન ફી સંપૂર્ણપણે ભરી તેમના માટે સ્વનિર્ભર શાળામાં ગુણવત્તાસભર શિક્ષણની ફ્રી વ્યવસ્થા કરી છે.

ચંદ્રાલા ખાતે કે.જી. થી ધોરણ-૪ સુધીની અંગ્રેજી માધ્યમની શાળામાં આ વ્યવસ્થા આપવામાં આવશે. પ્રાંતિજ ખાતે કે.જી. ૧ અને કે.જી. ૨ અંગ્રેજી માધ્યમમાં પ્રિ-સ્કૂલ શિક્ષણ ફ્રી મળશે. વધુ વિગતો માટે મો. ૭૦૬૯૩૪૦૫૫૮ પર સંપર્ક કરવો.

# ચિલોડા કોરોના વોરિયર્સ આરોગ્યકર્મીઓનું સન્માન



ચિલોડા, તા. ૩

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા ગ્રામ પંચાયત કચેરી દ્વારા ગામમાં કોરોના વાયરસ અટકાવવા અને જનજાગૃતિ અભિયાનમાં વિવિધ ક્ષેત્રે ગ્રામજનોમાં લોકડાઉન અને અનલોક-૧ દરમિયાન આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં તથા કોરોના વોરિયર્સ તરીકે સારી ભૂમિકા ભજવવામાં અગ્રસ્થાને રહી હોમિયોપથી આયુર્વેદિક દવા વિતરણ, સેનેટાઈઝેશન કામગીરી, આરોગ્ય ચકાસણી, માસ્ક વિતરણ વ્યવસ્થા, ઉકાળાનું વિતરણ, અન્ય સ્થળેથી આવતા લોકોની યાદી, ક્વોરન્ટાઈનની કામગીરી, થર્મલ હેલ્થ સ્ક્રિનિંગની કામગીરી - હેલ્થ કાર્ડની કામગીરી વગેરે વિશિષ્ટ સેવાઓમાં ઉપસ્થિત રહી સેવાયજ્ઞમાં જોડાયા હતા.

પરિણામે ગ્રામ પંચાયત કચેરી દ્વારા કર્મયોગી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયે સબ સેન્ટર ડૉ. આશિશ બી. પટેલ. પ્રા. આ કેન્દ્ર પ્રાંતિયા સોલંકી, શૈલેષ જે સુપરવાઈઝર પ્રાંતિયા, પટેલ હિતેષ એન, આરોગ્ય કાર્યકર, પટેલ વિશ્વજિત વી., પટેલ પ્રફુલ્લ ટી, ડૉ. કૌશલ નાયક, પટેલ માનસીબેન જી., ઠાકોર ભીખીબેન આર, વાળંદ સુનિતાબેન જી, સોલંકી જયશ્રીબેન કે, વાળંદ મીનાબેન એમ. ઠાકોર, કાજલબેન બી. આશાવર્કર બહેનોએ પ્રશંસનીય કામગીરી કરવા બદલ પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગ્રામના અગ્રણી દિનેશભાઈ, તલાટી કમ મંત્રી રાજુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

# સાદરા સંકુલમાં સીતાફળ અને શેતૂરના છોડનું જનત કરાઈ રહ્યું છે

ચિલોડા, તા. ૩



મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરામાં બા-બાપુ ૧૫૦ નિમિત્તે ૧૫૦ સીતાફળના છોડનું અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઊજવણી ભાગરુપે ૧૦૦ શેતૂરના છોડનું રોપણી કાર્ય પછી પાણી પીવડાવી જીવતાં રાખવાની મહત્ત્વની કામગીરી છે, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ૨૫૦ છોડની રોપણી પછી ૨૫૦ છોડ ઉછેરવા અને જતન કરવાની જવાબદારી રાષ્ટ્રી સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીલાલ દેવુ અને ડૉ. દિવ્યેશ ભટ્ટ નભાવી રહ્યા છે. સલામતી સેવક ગોવર્ધનભાઈ રાવળ અને ગણેશભાઈ રબારીના સહકારથી ૨૫૦ છોડને પાણી પીવડાવવામાં આવી રહ્યું છે.




# જન્મદિને વધામણી



પ્રકાશભાઈ પંડ્યા
મો. ૯૮૨૫૮ ૫૪૩૦૦



યુસુફખાન જે. પઠાણ
મો. ૯૯૮૯૦ ૯૭૮૪૩



વિહાન પ્રિયાંક પટેલ



ઝરણાબેન કે. ભાવસાર
મો. ૯૮૨૪૯ ૭૨૫૦૨



કુશ વિનોદ ઉદેચા



અમૃતભાઈ બી પટેલ
મો. ૯૯૭૯૯ ૩૭૧૭૧



ખુશી મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૬૬૨



ખુશ મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૬૬૨



પાર્થ એસ બારોટ
રેડક્રોસ ગાંધીનગર
મો. ૭૩૫૯૫ ૨૩૫૧૫

**સચેત રહો સુરક્ષિત રહો**